॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૬૦, એપ્રિલ–૨૦૨૪, રૂા. ૫.૦૦/–










ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળ આયોજિત પંચદિવસીય ૨૦ મી સત્સંગ શિબિર નર્મદા કિનારે ભવ્યતા પૂર્વક સંપન્ન થઇ- માલસર (દક્ષિણ ગુજરાત)

## તપોવનધામ શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી દ્વારા ત્રિદિવસીય ગો મહિમા મહોત્સવ એવં ગૌયાગનું ભવ્ય આયોજન પવિત્ર અને સાત્વિક વાતાવરણમાં સંપન્ન થયું. રામપર-વેકરા

















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૨ એપ્રિલ-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૧ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

વસંત પંચમી બાદ માનવ હૃદયમાં રહેલી ભક્તિ કેસુડો રંગ ધારણ કરે છે; શિક્ષાપત્રીના પ્રાગટ્ય બાદ શ્રીસ્વામિનારાયણ ભગવાન હરિભક્તોના જીવનમાં નીતિમત્તા અને ભક્તિનો રંગ પ્રગટાવવા વિવિધ લીલાઓ કરી તમામને ભક્તિરસથી તરબોળ કરી દેતા હોય છે; ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ દક્ષિણ ગુજરાતના માલસર ગામે ''કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ'' દ્વારા ''સર્વજીવ હિતાવહ  વિંશતિ સત્સંગ શિબિર''-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું. તથા સફળતાપૂર્વક એની ઉજવણી કરવામાં આવી.

આ શિબિરમાં જે હરિભક્તો હતા તે મોટે ભાગે ૧૬ થી ૫૦ વર્ષની વયજૂથના હતા. આ એ ઉંમર છે કે જેમાં યુવાન પોતાના મોજ-શોખ, રોજી-રોટી અને મોટપણે કૌટુંબિક-સામાજિક જવાબદારીઓમાં પડી જતો હોય છે. આમ જીવનના વ્યસ્ત તબક્કામાંથી આવેલ આ શિબિરાર્થીઓ બધું પડખે મૂકી પોતાની આધ્યાત્મિક ચેતનાને જાગ્રત કરવા આવ્યા હતા. યુવાનોની જિજ્ઞાસા, ભક્તિની વૃત્તિ અને ભક્તની શક્તિ જોઈ સૌ સંતોએ પોતે લીધેલી જહેમત જાણે લેખે લાગી હોય એવું અનુભવ્યું અને ખાસ વાત તો એ રહી કે સમગ્ર શિબિર દરમિયાન દરેક સંતો અને શિબિરાર્થીઓએ શ્રીજીમહારાજ સતત પોતાની સાથે રહ્યા હોય એવું અનુભવ્યું.

ભુજ મંદિરના સંતો યુવાપેઢીમાં સુસંસ્કારો રેડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. આજનો યુગ ભૌતિકવાદી યુગ છે. ટી.વી., ફેશન અને વ્યસનના રવાડે ચડેલો યુવાવર્ગ એ આજની સામાજિક અને પારિવારિક અવ્યવસ્થા સર્જવામાં જાણે-અજાણે નિમિત્ત બની જતો હોય છે, ત્યારે સત્સંગીઓ  પોતાના બાલધન, યુવાધન અને વડીલોમાં ભક્તિના સંસ્કાર જળવાઈ રહે, કુટુંબ પ્રત્યેની પ્રતિબદ્ધતા કાયમ રહે એ હેતુથી પોતે સંસારનો ત્યાગ કર્યો હોવા છતાં સંતો એક સુસંસ્કારી સમાજ અને પરિવારને ટકાવી રાખવામાં સફળ થયા છે

શિબિર યોજાઈ એતો અદ્‌ભુત ઈતિહાસ રચી ગઈ. જેને પરિણામે આ માસનો અંક ''શિબિર વિશેષાંક'' રૂપે પ્રગટ કર્યો છે. આ માસમાં જ ચૈત્રસુદ નોમના દિને ભગવાન શ્રીરામના જન્મદિનની સાથે જ જાણે સોનામાં સુગંધ ભળતી હોય એમ ભગવાન શ્રીસ્વામિનારાયણે અવતાર લીધો. આ ઘટના યોગાનુયોગ નથી પરંતુ ભારતવર્ષના સાંસ્કૃતિક ઈતિહાસમાં અદ્વિતીય પર્વ છે. સૌ સંતોની સાથે હરિભક્તોને પણ શ્રીબાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના દર્શનનો લાભ મળશે, પારણું ઝૂલાવવાનો અવસર મળશે. તો ચૈત્ર સુદ પાંચમના અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિર તથા ચૈત્ર વદ બીજના માંડવી શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ કચ્છના હરિભક્તોમાં વિશેષ જોમ અને ભક્તિનું બળ પૂરું પાડશે. પુનશ્ચ શિબિરની સફળતા માટે સૌ સંતો અને હરિભક્તોને અભિનંદન સહ જય શ્રીસ્વામિનારાયણ.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ આયોજીત સર્વજીવહિતાવહ વિંશતિ સત્સંગ શિબિર ૨૦૨૪- માલસર (દક્ષિણ ગુજરાત)

તા. ૦૧/૦૩/૨૦૨૪ થી ૦૫/૦૩/૨૦૨૪ સુધી નર્મદાના કિનારે માલસર ગામમાં સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવેલું હતું. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા દર વર્ષે શિબિરનું આયોજન કરવામાં આવે છે, પણ વીસમી શિબિરનું આયોજન કંઈક વિશેષ કરવું આવી ભાવના સૌ સંતોને રહી. ત્યારે મહંત સ્વામી આદિક વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદ લઈ યુવક મંડળની સંત સમિતિ સંયોજકો સાથે શિબિર માટે યોગ્ય સ્થળ માટે અનેક સ્થાનો તપાસ કરતાં દક્ષિણ ગુજરાતમાં પવિત્ર નર્મદાના કિનારે આવેલ માલસર ગામ, જ્યાં ભાગવતના પ્રખ્યાત વક્તા શ્રી ડોંગરેજી મહારાજ ૩૦ વર્ષથી સાધના કરેલી, ત્યાં સંતોએ મુલાકાત



લીધી. જુના ગામડાનું શાંત અને સાત્ત્વિક વાતાવરણ જોવામાં આવ્યું અને સંતોએ શિબિર માટે એ સ્થળ પસંદ કર્યું. આ તો ભુજથી ૫૦૦ કી.મિ. દૂર અને નવી જગ્યા. જ્યાં ૧૧૫૦ જેટલા શિબિરાર્થી યુવાન યુવતીઓ, ૧૧૦ સંતો તથા ૧૩૦ સાંખ્યયોગી બહેનો માટે સભામંડપ, ઉતારા, ભોજનાલય આદિક વ્યવસ્થા કરવાની રહી તે કામ બહુ અઘરું હતું, પણ યુવાન સંતો અને હરિભક્તોની અથાગ મહેનતથી અને ભગવાનની કૃપાથી શિબિરની પૂર્વ તૈયારીઓ સંપન્ન થઈ.

શુભારંભ તા. ૦૧/૦૩ નાં વહેલી સવારે ૫ વાગ્યે સૌ શિબિરાર્થીઓ શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. નાઈધોઈ પૂજાપાઠ કરી સભામંડપમાં એકત્રિત થઈ આરતી આદિક નિત્યનિયમો કરવામાં



આવ્યાં. ૮.૩૦ વાગ્યે મહંત સ્વામી આદિક સૌ સંતો, સાંખ્ય યોગી બહેનો તથા યુવકો અને યુવતીઓ શ્રીસત્યનારાયણ ભગવાનના મંદિરના ચોકમાં એકત્રિત થયા અને ઠાકોરજીની પાલખી યાત્રા સંતોના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવી. અબ્દાગીરી તથા મશલોધારી યુવાનોએ સૌથી આગળ તેની પાછળ સંતો, ત્યારપછી પાલખીમાં ઠાકોરજી, એની પાછળ યુવાનો અને એની પાછળ સાંખ્યયોગી બહેનો તથા યુવતીઓ સૌએ હાથમાં કરતાલ વગાડતા અને ધૂન ગાતા ગાતા સભામંડપમાં પધાર્યા. મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, પાર્ષદ



જાદવજી ભગત આદિ વડીલ સંતોના વરદ્‌હસ્તે શિબિરનું દીપ પ્રાગટ્ય થતાં તાળીઓના ગડગડાટ તથા જયઘોષની સાથે આખુંય વાતાવરણ ગુંજી ઊઠયું. ત્યારબાદ મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી

શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ તથા કાર્યકર્તા સંતોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું. બહોળી સંખ્યામાં પધારેલા યુવાનો તથા યુવતીઓને જોઈને અતિ પ્રસન્ન થયેલા પૂજ્ય મહંત સ્વામીએ સંતોની મહેનતને બિરદાવીને શિબિરની સફળતાના આશીર્વાદ આપ્યા. આ રીતે શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો.

પહેલા, બીજા અને ત્રીજા દિવસના પહેલા સત્રમાં સ.ગુ. સ્વામી ગોલોકવિહારીદાસજીએ મુક્તાનંદ સ્વામી રચિત "મારા વહાલાજી શું વાલપ દિશે..." એ કીર્તન ઉપર વ્યાખ્યાન કરેલું.



વચનામૃતના પ્રમાણો તથા ઉદાહરણો સહિત સ્વામીએ સમજાવ્યું કે ભગવાન અને ભક્તની સાથે દૃઢ સંબંધ બાંધવો કે જે સંબંધ વિકટ પરિસ્થિતિમાં પણ અકબંધ રહે.

પહેલા અને બીજા દિવસના બપોરપછીના સત્રમાં પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીએ "ગર્ભ સંસ્કાર" એ વિષય ઉપર



સમજાવ્યું કે હિન્દુ સનાતન ધર્મનું જતન કરનાર, દેશ ભક્ત, માતાપિતાની સેવા કરનાર, આદિક સદ્ગુણોથી સંપન્ન એવા સંતાનોની ઈચ્છા જો આજના માતાપિતા રાખતા હશે તો બાળકના જન્મથી પૂર્વે કેટલીક શારીરિક અને માનસિક તૈયારીઓ જોશે, તે સ્વામીએ વિસ્તારપૂર્વક સમજાવેલું.

ત્રીજા દિવસે પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ નર્મદા નદીનો મહિમા સમજાવતા કહ્યું કે સ્કંદ પુરાણ, પદ્મ પુરાણ આદિક



પુરાણોમાં નદીની ઉત્પતિ ભગવાન મહાદેવના એક પરસેવાના બિંદુમાંથી થયેલ છે કે જેનું ઉદ્ગમ સ્થાન અમરકંટકમાં આવેલું છે. સ્વામીએ એ પણ જણાવ્યું કે શ્રીજીમહારાજ એક વખત ધર્મપુરથી પાછા વળતાં સંતો ભક્તોની સાથે નર્મદા નદીમાં સ્નાન કર્યું હતું, અને આજે આપણે સૌને એ મહાપવિત્ર નદીમાં સ્નાન કરવાનો અવસર આવ્યો છે.

ચોથા અને પાંચમા દિવસના પહેલા સત્રમાં સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ નરસિંહ મહેતા દ્વારા રચાયેલું પદ "મારા હરજી શું હેત ન દિશે રે..." તેના ઉપર સચિત્ર વ્યાખ્યાન કરેલું કે જેને ભગવાન સાથે હેત નથી, લાગણી નથી એવા જનો તેના કુ-લક્ષણો ઓળખવાં અને તેની સાથે હેતપ્રેમ ન રાખવું.



ચોથા દિવસના બપોરપછીના સત્રમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ "બાળ સંસ્કાર" એ વિષય ઉપર સમજાવ્યું કે, "બાળકના જન્મ પછી શાસ્ત્રના વિધાન પ્રમાણે અનેક સંસ્કારો, જેમ કે



જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, આદિક સંસ્કારો કરવામાં આવે છે. પરંતુ એનાથી પણ અગત્યની વાત એ છે કે બાળક ઉપર સારી અને હકારાત્મક અસર પડે એના માટે માતાપિતાને પોતાના વર્તન અને વાણી ઉપર સતત સંયમ રાખવાની જરૂર છે." એના માટે સચોટ અને વ્યવહારું ઉકેલો સ્વામીએ આપેલા હતા.

પાંચમાં દિવસે પુરાણી સ્વામી

શ્યામકૃષ્ણદાસજીએ સાંજે નિત્ય સમૂહમાં ગવાતું વૈરાગ્યમૂર્તિ સ.ગુ.સ્વામી નિષ્કુળાનંદ રચિત ધોળ એટલે કે “આનંદ આપ્યો અતિ ઘણો રે...” એના ઉપર રસપ્રદ વિવેચન કરી સભાજનોને આનંદિત અને મહિમા સભર કર્યા હતા.



પ્રેઝન્ટેશન:- પહેલા દિવસના બીજા સત્રમાં શા. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ “શયન અને ઉત્થાપન” એ વિષયના માધ્યમથી આપણા દરેક દિવસો મજબૂત અને હકારાત્મક રીતે પ્રારંભ થાય એના માટે રોજિંદી દૈહિક ક્રિયા જેમકે સૂવું, જાગવું, દંતશુદ્ધિ, સ્નાન, આદિક કઈ રીતે થવું જોઈએ એની ઉપર સ્પષ્ટીકરણ કરેલું હતું.



બીજા દિવસે પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ “હરિભક્ત મહિમા” ઉપર પ્રેઝન્ટેશન કરી સમજાવ્યું કે, “જ્યારે હરિભક્તનો મહિમા સમજાય છે ત્યારે ખરેખર આપણો અહમ્ ઓગળી જાય છે અને સર્વે ઉપર દિવ્ય ભાવના સહિત દાસાનુદાસ થઈને સત્સંગમાં રહી શકાય છે, જેના વડે સૌનો રાજીપો પ્રાપ્ત થાય છે.”



ત્રીજા દિવસે શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ “વંદન” એ વિષય ઉપર પ્રેઝન્ટેશન કરી કોને અને કેવી રીતે વંદન કરવા એ વિવેક બતાવ્યો. તેમજ વંદન કરવાથી થતા અનેક ફાયદાઓ પણ સમજાવ્યા.



ચોથે દિવસે પુરાણી સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ પ્રેઝન્ટેશન દ્વારા “ઘર સત્સંગ સભા”નું મહત્વ સમજાવ્યું કે ઘરમાં રાગ અને દ્વેષ હશે તો ઘણા જન્મો કે વર્ષોની સાધના પછી પ્રાપ્ત થયેલ એવા સદગુણો, સત્પુરુષો અને ભગવાન આ ત્રણ કેન્દ્ર બિંદુઓથી બરબાદ કરી દેશે. તો રાગ અને દ્વેષથી બચવાનું શ્રેષ્ઠ સાધન નિત્ય ઘર સત્સંગ સભા છે એમ સ્વામીએ પ્રતિપાદિત કર્યું.



નિત્ય-નિયમ:- દરરોજ વહેલી સવારે પ્રાતઃકાળે સભામંડપમાં અલગ અલગ સંતો જેમ કે, મહંત સ્વામી, સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી અને પાર્ષદ માવજી ભગત દ્વારા પ્રભાતિયાના ગાયનથી વાતાવરણ દિવ્ય અને



ભક્તિમય બની જતું. ત્યારબાદ ૬.૩૦ વાગ્યે આરતી, ધૂન, સ્તુતિ કરી શિક્ષાપત્રી તથા વચનામૃતની કથા થતી. પહેલા દિવસે વિદ્યાર્થી સ્વામી બાલસ્વરૂપદાસજી દ્વારા વડતાલનું ૧૧મું વચનામૃત વાંચવામાં આવ્યું હતું. બીજા દિવસે વિદ્યાર્થી સ્વામી હરિપ્રિયદાસજીએ ગઢડા પ્રથમનું ૭૦મું વચનામૃતના કાકાભાઈના પહેલા બે પ્રશ્નો વાંચ્યા હતા અને બાકીના પ્રશ્નો ત્રીજા દિવસે વિદ્યાર્થી સ્વામી હરિવદનદાસજીએ વાંચ્યા હતા. ચોથે દિવસે વિદ્યાર્થી સ્વામી નૌતમચરણદાસજીએ ગઢડા પ્રથમનું ૪૮મું વચનામૃતનું અને પાંચમે દિવસે વિદ્યાર્થી સ્વામી ઈશ્વરપ્રિયદાસજીએ ગઢડા પ્રથમનું ૫૮માં

વચનામૃતનું શ્રવણ કરાવ્યું હતું.

સાંજનાં આરતી, ધૂન, સ્તુતિ, પ્રાર્થના કરી થાળ જમાડીને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશ અંતર્ગત “આનંદ આપ્યો અતિ ઘણો રે...” એ ધોળનું રોજ સમૂહ ગાન કરવામાં આવતું. ત્યાર પછી ચેષ્ટાનું ગાયન કરવામાં આવતું.

કીર્તન ભક્તિઃ- રોજ સવારે પહેલા સત્ર પૂર્વે અને બપોરે ૩.૩૦ વાગે સંગીતજ્ઞ સંતો દ્વારા કીર્તન ભક્તિમાં સૌ શિબિરાર્થીઓને તરબોળ કરી દેવામાં





આવતા જેમાં ખાસ શિબિરનું થીમ સોંગ – “મારા વહલાજી શું વાલપ દિશે...” એ કીર્તનનું ગાયન કરવામાં આવતું.

ભોજન પ્રસાદઃ- સવારની સભા પૂરી થયા પછી સૌ યુવાનો રસોડા વિભાગમાં અલ્પાહાર, બપોરે માનસી પૂજા કર્યા પછી ભોજન અને સાંજે વાળુ કરતા. હરિભક્તોના રસોડાની સેવા સંભાળતા સ્વામી મુકતવલ્લભદાસજી તેમજ સ્વામી





રામપ્રિયદાસજી તેમજ સાથી ભક્તો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને સૌ યુવાનોને ભોજનનો આનંદ પમાડતા. ભોજન ખંડમાં પણ ગવૈયા હરિભક્તો ધૂન અને શ્લોકનું ગાન કરી સૌને ભગવાનનું અખંડ સ્મરણ કરાવતા.

## પ્રવચન તથા આશીર્વાદ

મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે,



“આ અક્ષરધામ તુલ્ય સભાને જોઈને ખૂબ આનંદ આવે છે. આવા કળિયુગમાં તમે સૌએ સંતોના વચને અહી પાંચ દિવસ માટે કામધંધા છોડીને આવ્યા છો એના ઉપરથી અમને જણાય છે કે તમને સંતોના વચનમાં વિશ્વાસ છે.” “આજે નર્મદા નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. સાથે ઘણા બધા સંતો અને હરિભક્તોની સાથે સ્નાન કરવા મળ્યું એને અમે અમારું સદ્‌ભાગ્ય માનીએ છીએ. અનેક વાર તીર્થોમાં સંતો અને ભક્તો સાથે સ્નાન કરેલું છે પણ નર્મદામાં સ્નાન એ ખરેખર અદ્વિતીય હતું.” “તમારા જેવા યુવકો અને યુવતીઓની મોક્ષની ચિંતા અમારા યુવાન સંતો અને સાંખ્યયોગી બહેનો કરે છે, તેમને બહુ જ ધન્યવાદ છે. ખૂબ દાખડો કરીને સંતો આ સ્થાન શોધીને આપણને સૌને અહીં લાવ્યા છે. આવી મહેનત કરતા રહે એવી પ્રાર્થના કરીએ છીએ. આ સંતોના કહ્યા પ્રમાણે રહેશો તો શ્રીનરનારાયણદેવ તમારા સૌ પર બહુજ પ્રસન્ન

થશે.''




ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ આશીર્વાદ પાઠવતાં ભલામણ કરી કે, ''નર્મદાના તટ ઉપર અને સંતોના સાનિધ્યમાં એવો દૃઢ સંકલ્પ કરજો કે મને મારા પરિવારમાં શ્રેષ્ઠ સંતાનો ઉછેરવાં છે... સંતો વારંવાર તમને ટકોર કરે છે કારણ કે તમે અને તમારા સંતાનો શ્રીનરનારાયણદેવના ધન છો અને એ જ્યાં ત્યાં વેડફાઈ ન જાય તેની જવાબદારી આ સંતોની છે. માટે તમને વારંવાર ટકોર કરે છે.



કોઠારી પાર્ષદ જાદવજી ભગતે યુવાનોને ભલામણ કરી કે, ''આ સત્સંગને શિરને સાટે રાખશો તો સત્સંગમાં ટકાશે નહિ તો બહારના વાતાવરણમાં લેવાઈ જવાશે. દુનિયામાં ગમે એ થાય પણ આપણા સત્સંગમાં ઘસારો ન આવવો જોઈએ...પૂર્વે આપણા સંતો સમય સમય અનુસાર આ સત્સંગ માટે ખૂબ મહેનત કરેલી છે અને અત્યારના સંતો પણ સારી મહેનત કરી રહ્યા છે.''

સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ આપતા કહ્યું કે, ''ભગવાન જયારે અતિશે રાજી થાય ત્યારે સુયોગ એટલે કે દિવ્ય અવસર આપે. આ શિબિરમાં મહંત સ્વામી આદિક નાના મોટા સંતો, મહંત બાઈ આદિક સંખ્યાયોગી બાઈઓ અને આ પવિત્ર નર્મદાનો કિનારો, આવો સુયોગ તમે કોઈએ ધાર્યો હતો કે આપણે આ શિબિરમાં મળશે? આવો દિવ્ય અવસર શ્રીનરનારાયણદેવે આપણને આપ્યો છે તે ભૂલતા નહિ. તમને કેફ હોય કે ન હોય પણ મને તો આનંદનો પાર નથી. કચ્છમાં સત્સંગને રોપનાર મુક્તાનંદ સ્વામી કહેવાય, કે જેને સત્સંગની 'મા' નું બિરુદ મળેલું. શ્રીજીમહારાજ વરણીરૂપે મુક્તાનંદ સ્વામીને પોતાનો હાથ સોંપ્યો હતો અને એની આજ્ઞામાં રહ્યા હતા. આ મહંત સ્વામી આપણા માટે મુક્તાનંદ સ્વામી સમાન છે.''



સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજીએ કહ્યું કે, ''ભગવાનનો મહિમા સમજવાથી સંત, ભક્ત, નર્મદા આદિકનો મહિમા સમજાશે. બોટાદના શિવલાલ શેઠ જ્યાં સુધી મહારાજનો મહિમા નહોતા સમજ્યા ત્યાં સુધી મોટો લાભ ગુમાવ્યો હતો. માટે તમે શિબિરાર્થીઓ આ શિબિરમાં ભગવાનનો મહિમા નહીં સમજો તો મોટો લાભ ગુમાવશો.''



સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ યુવાનોને ટકોર કરતાં કહ્યું કે, ''અહી જે ગર્ભ સંસ્કાર અને બાલ સંસ્કારની વાતો થાય છે તે બધી વાતો સત્સંગિજીવનમાં મળી આવે છે પણ શાસ્ત્રનું વાંચન ઘટી ગયું છે એટલે ખબર નથી, માટે શાસ્ત્રનું વાંચન રાખવું... એવું ન વિચારતા કે આ શિબિરમાં આવવાથી ૫-૬ દિવસનો પગાર ગુમાવ્યો, કારણ કે આ શિબિરમાં જે વાતો થાય છે તે તમને અનેક ઘણું કમાઈ દેશે.''



કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું કે, ''મહંત સ્વામીની આજ્ઞાથી સંતોએ આ શિબિરનું આયોજન કરવામાં ખૂબ પરિશ્રમ કરેલો છે. તેમજ છેલ્લા ૨૦ વરસથી યુવક મંડળના તમામ સંતો કચ્છના યુવાનોને શ્રીનરનારાયણદેવના



નિષ્ઠાવાન ભક્તો બનાવેલા છે જે ગૌરવ લેવા જેવી વાત છે. માટે તમે સૌ યુવાનો આ સંતોને કોઈ દિવસ છોડતા નહિ.''



સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ જણાવ્યું કે, ''આપણા ભાગ્ય ખૂલી ગયા કે આજે આપણે મહંત સ્વામી સાથે નર્મદામાં સ્નાન કરવા મળ્યું, બહેનોને મહંત સામબાઈ આદિક સાંખ્યયોગી બહેનો સાથે સ્નાન કરવા મળ્યું...આપણા પૂર્વના અનેક પુણ્યો હશે એટલે આજે ભગવાનને ભજવાનો મોકો મળ્યો છે, માટે ભક્તો આ અવસરને ચૂકતા નહિ આવો અવસર ફરી નહિ મળે.''



સ.ગુ.સ્વામી મહાપુરુષદાસજીએ ચોપાઈનું ગાયન કરતાં કહ્યું કે, ''જે નદી કે તળાવમાં ભગવાન, એના સંત, કે એના હરિભક્ત સ્નાન કરે તે સ્થળ પવિત્ર થઈ જાય છે, તીર્થરૂપ થઈ જાય છે. એમાં પછી કોઈ પણ સ્નાન કરે તે અક્ષરધામમાં જાય છે.''

સ.ગુ.સ્વામી ભક્તિપ્રિયદાસજીએ ભલામણ કરી કે, ''જેમ રાજકોટમાં બોરડી નીચે



મહારાજ બેઠા અને એમના પાઘમાં કાંટો ખૂંચતાની સાથે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ''આવા પુરુષોત્તમ ભગવાન તારા નીચે બિરાજમાન થાય તોય તારો સ્વભાવ ન છોડ્યો ?'' અને એ બોરડીમાંથી તમામ કાંટા ખરી પડ્યા. તો ભક્તો સંતના વચનથી એ અબોલા જીવ પોતાનો સ્વભાવ છોડી દેતા હોય તો પાંચ દિવસ અનેક સંતોના વચનો આપે સાંભળ્યા તો આપણે આપણા અયોગ્ય સ્વભાવો છોડી દેવા જોઈએ.''




શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી જણાવ્યું હતું કે, ''૨૦૦૩ની સાલમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ મહંત સ.ગુ.સ્વામી હરિસ્વરૂપદાસજીએ સ્થાપેલું હતું અને એને સાકારિત કરવામાં પૂરેપૂરું યોગદાન વર્તમાન મહંત સ્વામીનું હતું. ૨૦૧૦માં યુવતી મંડળની સ્થાપના થઈ કે જે આજ સુધી સારી રીતે ચાલે છે... હું માનું છું કે આપણું આ સંઘટન મજબૂત તો રહેશે કે તેમાં જે જે જોડાયેલા હોય તે ભલે સાધુ હોય, સાંખ્યયોગી બાઈ હોય, યુવક કે યુવતી હોય તેને પદ, પ્રતિષ્ઠા, માઈક અને હારતોરા આ ચારની અપેક્ષાથી રહિત રહેવું જોઈશે.''

શા.સ્વામી દેવચરણદાસજીએ ''યુવાનોને અને એમના શિષ્ટાચારને બિરદાવતા કહ્યું કે યુવક



મંડળનો સભ્ય ગમે ત્યાં જાય ત્યાં એની સારી છાપ પડવી જોઈએ. આપણે બીજાને માટે પ્રેરણારૂપ બનીએ એના માટે આ યુવક મંડળ છે... આપણી તુલનાત્મક દ્રષ્ટિ હટવી જોઈએ કારણ કે ભગવાને સર્જેલા દરેક મનુષ્ય યુનિક છે, અને જ્યાં તુલના કરવામાં આવે ત્યાં આપણે દુઃખી થઈએ છીએ. આપણે જે મળ્યું છે તેને શ્રેષ્ઠ માની આગળ ચાલવું જોઈએ.''

પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કહ્યું કે, ''ભગવાન સ્વામિનારાયણે કચ્છના હરિભક્તોના



ઉદ્ધાર માટે શ્રીનરનારાયણદેવ પધરાવી આપ્યા. તો બીજે જ્યાં ત્યાં માથું નહિ ભટકાવી આ શ્રીનરનારાયણદેવના ચરણમાં માથું ઝૂકાવજો.

જીવનમાં જે કાંઈ પણ સમસ્યા આવે તો શ્રીનરનારાયણદેવ પાસે આવજો, ત્યાં માનતા કરજો તો તમારા તમામ મનોરથો પૂર્ણ થશે.''

શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કહ્યું કે, ''આપે સૌએ આપણા જીવનમાં જે પ્રાપ્ત થયું છે તેની ગૌરવ ગાથા ગાઈએ છીએ અને ગાવી જોઈએ. પણ હું ઈચ્છું છું કે આપણા જીવન ગૌરવવાન બને...મહારાજ કહેતા કે અમારા દાખડા સામે જોજો. આ યુવક મંડળને ૨૦ વરસ પૂરા થાય છે એની પાછળ અનેક સંતો, સાંખ્યયોગી બહેનો અને હરિભક્તોની અથાગ મહેનત રહેલી છે. તો એના દાખડા સામે જોજો.''



કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કહ્યું કે, ''આ શિબિરમાંથી ઓછામાં ઓછી ૨૦ બાબતો તમને ગમી હોય તે લેતા જાજો અને જીવનમાં કંડારી રાખજો. એ પછી કોઈક સંતનો ગુણ હોય કે હરિભક્તનો ગુણ હોય, કે સ્ટેજ પરથી સંતોએ વાતો કરી હોય, કે નર્મદા સ્નાન જેવા અમૂલ્ય અવસરો હોય. શિબિરની એક એક ક્ષણો મામૂલી ન સમજતા પણ સાચવી રાખજો.''



સ્વામી રામાનુજદાસજીએ એક પ્રયોગ કરાવી એનું રહસ્ય સમજાવતા કહ્યું કે, ''જેમ અર્જુનની દ્રષ્ટિ કેવળ ને કેવળ પક્ષીની આંખ સામે જ હતી, તેમ આપણું લક્ષ પણ એક જ હોવું જોઈએ, અને એ ભગવદ્પ્રાપ્તિ તો અંતે ભગવાનનું અક્ષરધામ ફળરૂપે મળશે.''



સ્વામી રામકૃષ્ણદાસજીએ રાજા અને કઠિયારાના દ્રષ્ટાંતથી સમજાવ્યું કે, જેવી ભાવના અન્ય પ્રત્યે આપણે રાખશું એવી ભાવના તેઓ આપણા ઉપર રાખશે. માટે સૌ ઉપર સદ્ભાવના રાખતા શીખવું.



જગશાશાજી મહારાજે (સત્યનારાયણ મંદિરના મહંત) પોતાનો ભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ''આ સંતો વહેલા જાગી આરાધના કરે છે, અને પછી પ્રાર્થના કરે છે કે ''સર્વે ભવંતુ સુખિનઃ...'' એટલે કે આપણા સૌના સુખ માટે આરાધના કરે છે એવા આ દયાળુ સંતો છે.''

ભુજ મંદિરના ભૂતપૂર્વ કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા યુવાનોને ભલામણ કરતા કહ્યું કે, ''આ સંતો સિવાય આપણું કલ્યાણ બીજું કોઈ નહિ કરી શકે. માટે એનું શરણું છોડતા નહિ. સંતોની વાતો કરતાં કુસંગીની વાતો તરત અસર કરી જાય છે માટે કુસંગથી દૂર રહેજો.''



શિબિરાર્થી યુવાન નરેન્દ્રભાઈ કાનજી પટેલ પોતાનો શિબિરનો અનુભવ જણાવ્યો હતો.

## વિશેષ આયોજનો

મુક્ત ચિંતન – શિબિરના પહેલા ત્રણ દિવસ સાંજે રોજ 'મુક્ત ચિંતન'નું આયોજન રાખેલું હતું, જેમાં ગઢડા પ્રથમનું ૭૦મું વચનામૃત ઉપર ચર્ચા થતી. તેમાં તુલસીભાઈ નાકરાણી વચનામૃતનું મહત્વ કે ચિંતનનો માર્ગ સમજાવ્યો. વચનામૃતનું વાંચન હરિભક્ત દ્વારા થતું. ત્યાર પછી સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા અન્ય કોઈ સંત કે ભક્ત દ્વારા પ્રશ્નો પૂછવામાં આવતા. તેના ઉપર ચર્ચા કરવામાં અને નિર્ણય દેવામાં સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી અને પાર્ષદ ખીમજીભગત રહેલા હતા. આવા પ્રકારના ચિંતન દ્વારા શ્રીજીમહારાજનાં

કહેવાનો અભિપ્રાય સરલ રીતે સમજાવવામાં આવતો.

યુવતી મંડળનું સત્ર – ત્રીજા દિવસે બપોરે



બહેનો માટે વિશેષ સત્ર રાખવામાં આવેલું હતું. જેના દ્વારા યુવતીઓને મહંત સાંખ્યયોગી સામબાઈફઈના આશીર્વાદ પ્રાપ્ત થયેલા હતા.

નર્મદા સ્નાન - ત્રીજા દિવસે બપોર પછીના સમયે નર્મદા નદીમાં શ્રીઠાકોરજીનો મહાભિષેક, નર્મદા પૂજન અને આરતીનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરાર્થી સંતો અને યુવાનો નર્મદા નદીના



કિનારે ધૂન કીર્તન કરી રહ્યા હતા ત્યારે વિશાળ નૌકામાં શ્રીઠાકોરજીને જળવિહાર કરાવતા મહંત સ્વામી અને વડીલ સંતો પધાર્યા.

મહંત સ્વામીના વરદહસ્તે દૂધ, દહીં, ઘી, મધ અને સાકર યુક્ત પંચામૃત અને નર્મદાના નિર્મળ નીરથી શ્રીઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ વિવિધ ઉપચારોથી નર્મદા મૈયાની પૂજા





અને સમૂહ મહાઆરતી કરવામાં આવી. યુવાનો અરસ પરસ રંગે રમ્યા. પછી સંતો સાથે યુવાનોએ અને સાંખ્યયોગી બહેનો સાથે યુવતીઓએ નર્મદા નદીમાં સ્નાનનો દિવ્ય આનંદ માણ્યો. કિનારે બેસીને





જનમંગલ સ્તોત્રના પાઠ, નિત્ય નિયમ, ચેષ્ટા ગાન કરીને સૌએ ભોજન પ્રસાદ માટે પ્રયાણ કર્યું.

રાસોત્સવ – ચોથે દિવસે સાંજે ઓરકેસ્ટ્રાની સાથે મહા રાસોત્સવ રાખવામાં આવ્યો



હતો. સંગીતકાર સંતો અને હરિભક્તો નંદ સંતો રચિત કીર્તનોને લલકારી રાસની જમાવટ કરી હતી.



આ રાસની વિશેષતા એ હતી કે સૌ સંતો અને ભક્તો હાથમાં કરતાલ લઈને રાસ લીધો હતો અને જાણે શ્રીજીમહારાજ મારી સાથે રાસ રમી રહ્યા છે એવો આનંદ માણી રાસ રમી રહ્યા હતા.

## સમાપન

આભારવિધિ - પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી અંતે આભાર વિધિમાં જે જે સંતો તથા હરિભક્તોએ આ શિબિરમાં જે કાંઈ પણ યોગદાન આપેલું હતું તેને યોગ્ય રીતે બિરદાવ્યા હતા. જેમ કે સ્વામી હરિસ્વરૂપદાસજી અને સ્વામી કપિલમુનિદાસજી તેઓ બંને સમગ્ર શિબિરના સંયોજક હતા જેમણે શિબિરની રચનાથી લઈને શિબિરના સમાપન સુધીના સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. હરિભક્તોના રસોડાની જવાબદારી સ્વામી રામપ્રિયદાસજીએ સંભાળી હતી અને માંડવી વિસ્તારના હાલાઈ તથા વરસાણી પરિવારના ભાઈઓ અને બહેનો ખૂબ ઉત્સાહથી અને પ્રેમથી રસોઈ રોજ ત્રણે ટાઈમ માટે બનાવી હતી. તેમજ સંતોના રસોડાની જવાબદારી નિભાવતા સ્વામી રામાનુજદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી તથા તમામ વિદ્યાર્થી સંતોને બિરદાવ્યા હતા. વાહનની વ્યવસ્થા સંભાળતા સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સ્વામી હરિપ્રસાદદાસજી, સભામંડપની વ્યવસ્થા સંભાળતા સ્વામી ભક્તિપ્રકાશદાસજી અને સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સત્સંગ સાહિત્યની જવાબદારી સંભાળતા સ્વામી પતિતપાવનદાસજી અને સ્વામી કુંજવિહારીદાસજી, લાઈટ-સાઉન્ડ-પાણીની વ્યવસ્થા સંભાળતા સ્વામી વેદપ્રકાશદાસજી અને સ્વામી ન્યાલકરણદાસજી, મિડિયા વિભાગને સંભાળતા સ્વામી હૃદયપ્રકાશદાસજી અને સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, તેમજ સંગીતજ્ઞ સંતો સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી અને સ્વામી વાસુદેવપ્રિયદાસજી સાથે રહેલા હરિભક્તો એ તમામને બિરદાવ્યા હતા.

અંતિમ ઉદ્બોધન - સ.ગુ.સ્વામી પરમહંસદાસજીએ શિબિરના અંતે યુવાનોને ભલામણ કરતા કહ્યું કે જીવનમાં પરિવર્તન કરવાનો સમય આવે ત્યારે પરિવર્તન કરજો, પણ અટંટ ન થતા. સંતો ખૂબ મનન અને ચિંતન કરીને તમને જે આ શિબિરમાં પીરસ્યું છે અને ભલામણો કરી છે તેને જીવનમાં ઉતારજો. બાળકોને મોટા કરવા મુશ્કેલ છે તેમ છતાં સહન કરજો અને દયા રાખજો. તમારા દિલમાં એના પ્રત્યે એ બાળક ભગવાનનો ભક્ત છે, મુક્ત છે. એવી ભાવના રાખી તેને હેત આપજો અને સાચવજો. ભાગવતમાં કહેલું છે કે તમે સાચા બાપ અને સાચી મા તો જ કહેવાશો જો તમારા સંતાનને ભગવાન સુધી પહોંચાડશો. આવી અનેક ભલામણો કરી.

યાદગારી પ્રતિક - શિબિરના અંતિમ દિવસે સંતો અને સાંખ્યયોગી બહેનોના વરદ હસ્તે તમામ શિબિરાર્થીઓને શ્રીજીમહારાજના બોલેલા વાક્યો જેમ કે "મન કર્મ વચને કરીને કોઈનું ભૂંડું ઈચ્છવું નહિ" અને "મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે ?" એ વાક્યો જેમાં લખવામાં આવેલા છે એવું કિચેન બેલ્ટ આપવામાં આવ્યું હતું. તેમજ શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ દરમ્યાન શ્રીનરનારાયણદેવ આદિક દેવો અભિષેકમાં ધારણ કરેલા પીતાંબરના વસ્ત્ર ઉપર છાપેલ શ્રીનરનારાયણદેવની મૂર્તિ પણ આપવામાં આવી હતી. અને તા.૫ ના બપોરપછી ૨ વાગ્યે શિબિર સમાપન કરી ભુજ તરફ ભગવાનના સ્મરણ સાથે પ્રયાણ કર્યું હતું.

અહેવાલ - સ્વામી શ્યામકૃષ્ણદાસજી

## શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૭ મા વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી- ભુજ

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ શ્રીનરનારાયણદેવના પટાંગણમાં શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૭ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા.૮-૩-૨૦૨૪ થી તા.૧૨-૩-૨૦૨૪ સુધી શ્રીઘનશ્યામલીલામૃત સાગર પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

પ્રથમ દિવસે સવારે ૮-૩૦ કલાકે શ્રીનરનારાયણદેવના ચરણેથી પોથીયાત્રાનું વાજતે ગાજતે આયોજન થયું. કથામંડપમાં પધારી દીપ પ્રાગટ્ય સાથે કથાનો શુભારંભ થયો હતો. કથા અંતર્ગત તા.૯-૩-૨૪ ના શ્રીઘનશ્યામ જન્મોત્સવ, તા.૧૦-૩-૨૪ ના પટ્ટાભિષેક, તા.૧૧-૩-૨૪ ના ભુજ આગમન અને તા.૧૨-૩-૨૪ ના














શ્રીઠાકોરજીનો પંચાભિષેક અને અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવ્યો.

કથાના વકતાપદે શા. સ્વામી ભકતવત્સલદાસજી તથા શા. સ્વામી આનંદવલ્લભદાસજીએ સુમધુર શૈલીમાં સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિયદાસના સથવારે કથામૃતનું રસપાન કરાવી શ્રોતાજનોને ભાવવિભોર કર્યા હતા. સભાનું સંચાલન સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજી કર્યું હતું.

ગામ નારાણપર ઉપલાવાસના પિંડોરીયા અ.નિ.દાદા કરસનભાઈ લાલજી પિંડોરીયા, અ.નિ.દાદીમા વાલબાઈ, અ.નિ. પિતાશ્રી વેલજીભાઈ કરસન પિંડોરીયા, અ.નિ. માતૃશ્રી દેવબાઈ, અ.નિ. ભાઈ કાનજીભાઈ વેલજી પિંડોરીયા, અ.નિ. ધનજીભાઈ ખીમજી પિંડોરીયા, અ.નિ. સસરા લાલજીભાઈ શીવજી વેકરીયા,





અ.નિ. સાસુમા ધનબાઈના આત્યાંતિક મોક્ષાર્થે ગામ નારાણપર ઉપલાવાસના પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા, ધ.પ. રામબાઈ, સુપુત્ર જાદવજીભાઈ, ધ.પ. કાન્તાબેન, સુપુત્ર ગોવિંદભાઈ, ધ.પ. નાનબાઈ, સુપુત્ર રમેશભાઈ, ધ.પ. મંજુલાબેન, સુપુત્રી અમરતબેન વીરજી હિરાણી, સુપુત્રી રતનબેન પ્રેમજી કેરાઈ, સુપુત્રી પ્રેમીલાબેન વિશ્રામ હાલાઈ સપરિવારે ભુજ નિવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૭ મા વાર્ષિક પાટોત્સવના યજમાન થઈ શ્રીઠાકોરજી અને સંતોનો રાજીપો મેળવી ભાગ્યશાળી થયા હતા.

યજમાન પરિવારને પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને છેલ્લે પૂજ્ય મહંત સ્વામીએ ભુજ મંદિર દ્વારા યજમાનોને પ્રસન્નતાની પહેરામણી કરી હતી.

## શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૫ મો વાર્ષિક પાટોત્સવ - માંડવી

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી અદ્‌ભુતચરણદાસજી તથા પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી આદિ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી તા.૯-૩-૨૪ થી ૧૩-૩-૨૪ સુધી માંડવી મંદિરમાં બિરાજતા શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજનો ૧૬૫ મો વાર્ષિક પાટોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવ કથા પ્રસંગે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી રચિત વંદુના પદને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં 'શ્રીવંદુ સહજાનંદરસરૂપ' વ્યાખ્યાન કથાનું અદ્‌ભુત આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પ્રારંભિક દિવસે સવારે ઠાકોરજીની શણગાર આરતી કરીને શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજના ચરણ સાનિધ્યમાં સંતો-કથાના યજમાન દ્વારા પોથીજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યજમાન પરિવારના બહેનો પોતાનાં મસ્તક ઉપર પોથીજીને ધારણ કરીને વાજિંત્ર એવં મંડળીવાળા હરિભક્તોની સંગાથે તાલ-પંખાજ વગાડતા-નાચતા-કુદતા-કીર્તન ગાતા મંદિરને પ્રદક્ષિણા કરવારૂપ ભવ્ય પોથીયાત્રા કરવામાં આવી હતી. કથા સ્થાપન, ગણેશ પૂજન કરીને કથાનો



શુપ્રારંભ કરવામાં આવ્યો હતો. કથાના વક્તાપદે શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી વ્યાસાસને બિરાજમાન થઈને પોતાની ભાવવાહી શૈલીમાં સંગીતના સથવારે વંદુના ૮ પદનું ઉંડાણપૂર્વક એક એક કડીનું વ્યાખ્યાન કરીને રહસ્ય હરિભક્તોને સમજાવ્યું હતું. કથાને સુમધુર બનાવવા ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી તથા ગવૈયા સ્વામી નીલકંઠમુનિદાસજીએ સંગીતમાં સાથ આપ્યો હતો.

તા.૯-૩-૨૪ને શનિવારનો દિવસ એટલે વંદુ સહજાનંદ દ્વિશતાબ્દી દિન તરીકે ઉજવવામાં

આવ્યો હતો. કથાના પહેલા દિવસે કથા શ્રવણ કર્યા પછી શ્રીઠાકોરજી સન્મુખ બેસીને સંતો-હરિભક્તો,



ગૃહસ્થ બહેનો તથા સાંખ્યયોગી દ્વારા સામૂહિક ૨૦૦ વંદુના પાઠ કરવામાં આવ્યા હતા. ત્યારપછી વંદુ સહજાનંદના રચયિતા પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું સંતો-ભક્તો દ્વારા ભાવપૂજન કરવામાં આવ્યું હતું. બાદમાં સમૂહ આરતી તથા ધૂન કીર્તન કરીને વંદુ સહજાનંદ દ્વિશતાબ્દી દિનની અતિ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કથાના યજમાનપદે ગામ રવાપરના પ.ભ.ગોવિંદભાઈ હરજી ભગત, ધ.પ.શાંતાબેન, સુપુત્રીઓ મણીબેન, રાધાબેન, મધુબેન તથા સુનિતાબેન સપરિવાર રહ્યા હતા. કથામાં અભિવૃદ્ધિ કરવા માટે યજમાનના આમંત્રણથી પાંચ દિવસ અબડાસાના સાતેય ગામમાંથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતાં. તથા અબડાસામાંથી મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા.

કથા અંતર્ગત દરરોજ ભુજ મંદિર સંચાલિત ગુરુકુળોમાંથી પધારેલ શા.સ્વામી દેવચરણદાસજી, શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, શા.સ્વામી સંતસ્વરૂપદાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી તથા સ્વામી સત્યજીવનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોએ યજમાન પરિવારને તથા શ્રોતાજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૧૨-૩-૨૪ ફાગણ સુદ-૨ નાં પવિત્ર દિવસે શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજનો શાસ્ત્રોક્તવિધિ દ્વારા પંચામૃતથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેકના દર્શન કરવા માટે માંડવી ચારે કાંધાના ભક્તો તથા કચ્છ ચોવિસીમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. મોટી સંખ્યામાં પધારેલ હરિભક્તોને વાર્ષિક પાટોત્સવનો મહિમા તથા શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજના મહિમાથી ગૌરવાકિંત કર્યા હતા. પછી યજમાનશ્રીઓને માંડવી મંદિરવતી પહેરામણી કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સભા પૂર્ણ થયા બાદ ૯-૩૦ વાગ્યે સંતો તથા યજમાન પરિવાર દ્વારા શ્રીઠાકોરજીને ધરાવેલ અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી. પધારેલ દરેક ભક્તોને પંચામૃત મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.

અભિષેક તથા અન્નકૂટના યજમાનપદે ગામ દુર્ગાપુરના પ.ભ.અ.નિ.રવજીભાઈ ધનજી કેરાઈ, ધ.પ.લાલબાઈ, હસ્તે સુપુત્ર વાલજીભાઈ,



ધ.પ.રાધાબાઈ, પૌત્ર દિપેશ પુત્રવધુ પુષ્પાબેન, પરપૌત્ર નિશિત તથા ગામ ઘડાણીનાં સાંખ્યયોગી દેવબાઈ ધનજી ગોગારી શિષ્ય મંડળ રહ્યું હતું. કથા પ્રસંગને સફળ બનાવવા માટે પુજારી સ્વામી દિવ્યમુનિદાસજી, પુજારી સ્વામી સત્જીવનદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભજીવનદાસજી, પાર્ષદો આદિ સંતો-ભક્તોનો સહયોગ સાંપડ્યો હતો. સભાનું સંચાલન પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ - સ્વામી કૃષ્ણવલ્લભદાસજી - માંડવી

## નાના અંગીયા શ્રીસ્વામિનારાયણ મંદિરનો પાંચમો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર નાના અંગીયા મધ્યે પાંચમા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા.૧૮-૨-૨૦૨૪ થી તા.૨૨-૨-૨૦૨૪ સુધી શ્રીમદ્‌ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના મુખ્ય યજમાન સહિત ૧૪ પોથીના યજમાનશ્રીઓએ લાભ લીધો હતો. પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ કથાનું આયોજન થયું હતું. કથાના વક્તા શા. સ્વામી



હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી મોરલીમનોહરદાસજી તેમજ સભા સંચાલક શા. સ્વામી આનંદવલ્લભદાસજી રહ્યા હતા. ભૂદેવ શા. કૌશીકભાઈ જોષી દ્વારા મંત્રોચ્ચાર સાથે કથાનો પ્રારંભ સંતો તેમજ યજમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્યથી થયો હતો.

પોથીયાત્રા ૧૭.૨-૨૪ બપોરે ૩-૩૦ કલાકે, દીપ પ્રાગટ્ય તા.૧૮-૨-૨૪ સવારે ૮-૦૦ કલાકે, રામ જન્મોત્સવ તા.૧૮-૨-૨૪ સાંજે ૫-૦૦ કલાકે, કૃષ્ણ જન્મોત્સવ તા.૧૯-૨-૨૪ સાંજે ૫-૦૦ કલાકે, ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા તા.૨૧-૨-૨૪ સવારે ૯-૦૦ કલાકે, રુક્મિણી વિવાહ તા.૨૧-૨-૨૪ સાંજે ૫-૦૦ કલાકે, અભિષેક-અન્નકૂટ તા.૨૨-૨-૨૪ સવારે ૭-૩૦ થી ૯-૦૦ કલાકે, શાકોત્સવ તા.૨૨-૨-૨૪ સાંજે ૫ કલાકે.

રુક્મિણી વિવાહના યજમાન લાલજી મહારાજના શ્રીમતિ લીલાબેન કેશવલાલ વાલજી ભગત હસ્તે પુત્ર નારાણભાઈ, પુત્રવધુ રાધાબેન, પૌત્ર આયુષ, પૌત્રી ક્રિષાબેન. તુલસીબાઈના યજમાન અ. નિ. રતનશીભાઈ લાલજી ડાયાણી હસ્તે માવિત્ર ભચીબેન, પુત્ર ભરતભાઈ, શાંતિલાલ, પુત્રવધુ મંજુલાબેન, અનિતાબેન, પૌત્ર ઘનશ્યામ, વિશાલ, પુત્રવધુ ધારાબેન, રીંકલબેન, પૌત્ર પુષ્પકભાઈ, પરમેશ્વર.

કથા દરમિયાન બ્રાહ્મણોને વિશેષ સન્માન કરવામાં આવ્યું. વસ્ત્રદાન, અન્નદાન, ચાંદીનું દાન, ગોરાણીનો શ્રીંગાર, વસ્ત્રાદાન તેમજ શ્રીનરનારાયણદેવના દર્શને જવા માટે રોકડ રકમનું યજમાનશ્રીઓ તરફથી આપવામાં આવેલ.

આ કથામાં સમિતિ તેમજ યજમાનના આમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં સાંખ્યયોગી બહેનો તેમજ મહંત સામબાઈફઈ



પધાર્યા હતા. તેમજ મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ પાર્ષદ જાદવજી ભગત, ઉપમહંતશ્રી રૂક્મિણી વિવાહમાં પધારી આ અંગીયા ગ્રામજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

માંડવી સ્વામિનારાયણ મંદિરના સાંખ્યયોગી બહેનોના નેજા હેઠળ ગૃહસ્થ બહેનોની બેન્ડપાર્ટી પોથીયાત્રા, નગરયાત્રામાં સંગીતના સૂરો સાથે બેન્ડે આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે અબડાસા વિભાગના સાતે ગામના સાંખ્યયોગી બહેનો પાંચેય દિવસ રોકાઈ પોતાનું ગામ જાણી અંગીયાના હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. ચોવિસી ગામ ભુજથી પધારેલ સર્વે સાંખ્યયોગી બહેનોએ પણ રાજીપાના આશીર્વાદ આપ્યા હતાં.

સાંખ્યયોગી બહેનો દ્વારા મહિલામંચનું આયોજન કરેલ હતું. સાંખ્યયોગી પાનબાઈફઈને ૧૦૫ વર્ષ નિમિત્તે તેમનાં જીવન ચરિત્રનાં ગુણગાન વિશે વ્યાખ્યાન કરેલ. અને બહેનોના સંગીત સાથે ભક્તિમય રાસોત્સવનું પણ આયોજન કરેલું હતું.

લક્ષ્મીનારાયણ સમાજ નાના અંગીયાના યુવક મંડળ તેમજ મહિલા મંડળએ આપણા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળ સાથે મળી રસોડાની, પીરસવાની સંપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

કથાના મુખ્ય યજમાન પ.ભ.અ.નિ. હિરાબેન મનજીભાઈ, સુપુત્ર બાબુભાઈ, મગનભાઈ, પુત્રવધુ લીલાબેન, સાવિત્રીબેન, પૌત્ર નિરવ, દર્શન, પૌત્રવધુ સ્વીટી, ભાવિકાબેન, પૌત્રી તનીષા, અમાયરા, પૌત્રી ભક્તિબેન જમાઈ સેતુલકુમાર દોહીત્ર ધ્રુઅલ દોહીત્રી હરિણી સપરિવાર નાના અંગીયા હાલે ઘાટકોપર-મુંબઈ.

ઉત્સવના અંતે યજમાન પરિવાર તરફથી મગનભાઈ સર્વેનો આભાર માની આભારવિધિ કરી હતી.

અહેવાલ - વિજયભાઈ નારાણ ભગત નાના-અંગીયા

## શ્રીસ્વામિનારાયણ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય ભુજ - રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી વિદ્યા સંકુલના સંચાલક શા.સ્વામી હરિવલ્લભદાસજીની અધ્યક્ષતામાં વિદ્યાલય ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે સહ સંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, કેળવણી મંડળના પ્રમુખ ડો.શ્રીલક્ષ્મણભાઈ હિરાણી, મંત્રી શ્રીજગદીશભાઈ વાઘાણી તથા સહમંત્રી શ્રીમનનભાઈ ઠક્કર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શા.સ્વામી હરિવલ્લભદાસજીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ વધારીને બાળ વિજ્ઞાની તરીકે દેશ-વિદેશમાં થતી નવિન શોધો વિશે જાણકારી રાખવા જણાવ્યું હતું. કેળવણી મંડળના મંત્રી શ્રીજગદીશભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, વિજ્ઞાન, વિનાશ અને સર્વોદય બંને માટેનું છે. આપણે સર્વોદય અને સર્વ કલ્યાણની ભાવનાવાળા વિજ્ઞાન વિશે જાણી જાતે વિજ્ઞાન વિશે રૂચિ કેળવીએ. બાળ વિજ્ઞાની તરીકે પોતાનો ફાળો આપીએ. ધર્મને વિજ્ઞાન સાથે જોડી દેશ, સમાજનો ઉત્કર્ષ કરીએ.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિતે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. તેમાં સૌર ઊર્જા, પાણી શુદ્ધિકરણ, ગાણિતિક મોડેલ, ખેતી, પવન ઊર્જા, ગણિતના કોયડાઓ વિગેરે વિષય પર કૃતિ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ બનાવેલ કૃતિઓને નિહાળવા બહોળી સંખ્યામાં વાલીઓ આવેલ હતા. અને પોતાના સંતાનોની બાળ વિજ્ઞાની તરીકે સિદ્ધિઓને બિરદાવી હતી.

આ ઉજવણી પ્રસંગે ટ્રસ્ટી શ્રીજનકભાઈ ભટ્ટ, શ્રીકાનજીભાઈ વેકરીયા, શ્રીરાજેશભાઈ રાબડીયા હાજર રહી કૃતિઓ નિહાળી હતી.

પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રીઐશ્વર્યાબેન મેપાર સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. શિક્ષકો કમલેશભાઈ લીયા, વિધિબેન સોનાઘેલા, સાક્ષીબેન જોષી, ક્રિશ્નાબેન છાભૈયાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ શિક્ષક શ્રીઅશોકભાઈ દરજી તથા સંચાલન શિક્ષક શ્રીહરેશભાઈ નાથબાવાએ કર્યું હતું.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ ખાતે તા.૨૮/૨/૨૦૨૪ ના રોજ ‘રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ’ની ઉજવણીના ઉપલક્ષ્યમાં ‘શ્રીસહજાનંદ સાયન્સ ક્વિઝ’ યોજવામાં આવી. જેમાં ધોરણ ૬ થી ૯ ના બાળકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન દિવસનું મહત્ત્વ અને હેતુ, વિજ્ઞાન ગીતની રજૂઆત કરી હતી. ત્યારબાદ વિજ્ઞાન, ગણિત અને સામાન્ય જ્ઞાન જેવા વિષયોને આવરી દ્રશ્ય શ્રાવ્ય માધ્યમની મદદથી ક્વિઝ લેવામાં આવી. ક્વિઝમાં 'ભાસ્કરાચાર્ય' 'રામાનુજન' 'રામન' 'આર્યભટ્ટ' જેવી જુદી જુદી ટીમ પાડવામાં આવી તેમજ 'સાયન્સ નોલેજ' 'શોધ અને શોધક' 'રેપિડ ફાયર' અને 'પિક્ચર પઝલ' વિગેરે જેવા રસપ્રદ અને આકર્ષક રાઉન્ડ યોજવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ક્વિઝને જુદા જુદા માધ્યમ અને જુદી જુદી પદ્ધતિ, પ્રયુક્તિ દ્વારા શિક્ષક શ્રીહાર્દિકભાઈ વ્યાસે રસપ્રદ અને રોમાંચક બનાવી હતી.

ક્વિઝ વિજેતા જાહેર થનાર તેમજ ભાગ લેનાર ટીમના વિદ્યાર્થીઓને આચાર્યશ્રી મદનસિંહ ચાવડા સાહેબના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. પૂ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા શા. સ્વામી આનંદસ્વરૂપદાસજીના આશીર્વાદ સાંપડ્યા હતા.

ક્વિઝનું સંચાલન હાર્દિકભાઈ વ્યાસે કર્યું હતું. નિર્ણાયક તરીકેની જવાબદારી નિખિલભાઈ પોમલ, પિન્કીબેન રાઠોડ, વિષ્ણાબેન ગોરસીયા, દક્ષાબેન ગોરે સંભાળી હતી. 'એક્સપર્ટ એડવાઈઝ'ની સેવા ફાલ્ગુનીબેન પટેલ અને ભાવિકાબેન હિરાણીએ આપી હતી.

## શ્રીસ્વામિનારાયણ મંદિરે રાજોપચાર પૂજન-રામપર નવાવાસ

શ્રીસ્વામિનારાયણ મંદિર રામપર નવાવાસ મધ્યે તા.૯-૩-૨૦૨૪ શનિવારના રોજ વંદુના પદને ૨૦૦ વર્ષ થયાં તે નિમિત્તે ભુજ મંદિરના સંતોના હસ્તે શ્રીઠાકોરજીનો રાજોપચાર પૂજનવિધિ રાખવામાં આવ્યો હતો. તેમાં મુખ્ય યજમાનપદે દક્ષિણ ભારતની યાત્રા કરીને આવેલ હરિભક્તો કલ્યાણભાઈ માવજી વેકરીયા, રૂડાભાઈ પ્રેમજી રાજાણી-ઓસ્ટ્રેલિયા, ખીમજીભાઈ કલ્યાણ વેકરીયા-યુ.કે., ભીમજીભાઈ રામજી કેરાઈ-નૈરોબી, અરજણભાઈ નારાણ ભુજપરીયા,





સામજીભાઈ નાથા રાબડીયા, માવજીભાઈ અરજણ હાલાઈ, કાનજીભાઈ મનજી કેરાઈ-યુ.કે., હરજીભાઈ કુંવરજી છભાડીયા, રામજીભાઈ મેઘજી પાંચાણી રહ્યા હતા.

અહેવાલ - સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## ગો મહિમા મહોત્સવ એવં ગૌ યાગ

પ્રકૃતિના અપાર સ્નેહથી અભિભૂત તથા સમાજિક ઉત્થાનમાં સદૈવ અગ્રેસર રઘુનંદનપુરી અર્થાત્ હાલના રામપર-વેકરા ગામે સ્થિત તપોવનધામના પ્રાંગણમાં દિ. 25-03-2024 થી 27-03-2024 દરમિયાન તપોવન ગૌશાળાના ઉદ્‌ઘાટન નિમિત્તે સંતહૃદયથી પ્રગટેલ "ગો મહિમા મહોત્સવ એવમ્ ગૌ યાગ" અઢળક પ્રસન્નતા સાથે સંપન્ન થયો. સંતો અને સજ્જનોના કંઠે ગોવંશના ગુણગાન સર્વત્ર ગવાતા રહ્યા છે અને ગવાતા રહેશે પરંતુ, આ મહોત્સવમાં કથાનક, જીવંત ગોશાળાથી દેદીપ્યમાન મંચ, સંપુર્ણ સાજ-સજ્જા, ભોજનપ્રસાદ, ચિકિત્સા આદિમાં ગાયમાતા કે ગોવંશને જ ન્યાયોચિત્ત પ્રાધાન્ય મળ્યું. ગાય અંગેની શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક સમજ સાથેની દેશ-વિદેશના હજારો હરિભક્તો અને ગો પ્રેમી ખેડૂતોએ પ્રત્યક્ષ અને જીવંત પ્રસારણ માધ્યમે ગોકથા કથામૃતનું રસપાન કરી ધન્યતા અનુભવી હતી.

મહોત્સવના પ્રથમ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજથી પધારેલ પ.પૂ.મહંત સ્વામી આદિ નાના-મોટા સંતો, સાંખ્યયોગી માતાઓ અને ગોભક્તોની ઉપસ્થિતિમાં તપોવન ગૌશાળા ઉદ્‌ઘાટન કાર્ય, ગૌયાગ અને ગોકથાનો

શુભારંભ થયેલ. ત્રિ-દિનાત્મક આ મહોત્સવને કુલ - 6 સત્રમાં વિભાજિત કરવામાં આવેલ જેના અધ્યક્ષ સ્થાને ક્રમશઃ મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્. ઉપમહંત પુરાણી સ્વામી ભગવદ્જીવનદાસજી, મંડળધારી સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સંસ્થા



પ્રમુખ સદ્. શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી, સદ્. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્.કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી રહ્યા હતા. મુખ્ય વક્તાશ્રીઓ પૈકી ક્રમશઃ રા.સ્વ.સંઘ, ગુજરાત પ્રાંત કુટુંબ પ્રબોધન સંયોજક શ્રી કુમનભાઈ ખૂંટ, કુસ્તીમાં તેર વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરનાર હરિયાણાના કુસ્તીબાજ પહેલવાન સંજયસિંહ, પંચગવ્ય ચિકિત્સા પદ્ધતિને પ્રમાણિત કરાવનાર ચેન્નઈથી પધારેલા ડૉ. નિરંજન શર્મા, બંશી ગૌશાળાના સંચાલક શ્રી ગોપાલભાઈ સુતરીયા, છેલ્લા ૩૧ વર્ષથી ચાલતી ગૌ પર્યાવરણ અધ્યાત્મક ચેતના પદયાત્રાના પ્રણેતા અને વિશ્વની સૌથી મોટી ગૌ સેવા સંસ્થાન પથમેડા- રાજસ્થાનના સંચાલક સ્વામી ગોપાલાનંદજી સરસ્વતી અને અખિલ ભારતીય અક્ષય કૃષિ પરિવારના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મનોજભાઈ સોલંકી દ્વારા પાથેય પીરસવામાં આવેલ. ગોકથાના વિદ્વાન બન્ને વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી એ રામ, કૃષ્ણ અને શ્રીહરિને વ્હાલી



ગાયના રસપ્રદ પ્રસંગો કહીને શાસ્ત્રીય વાતોને સંગીતમય શૈલીથી ગોમહિમાગાનથી પ્રસ્તુત કરી શ્રોતાઓને આનંદ અને ભાવવિભોર બન્યા હતા. બન્ને વક્તાઓ દ્વારા સતત એજ સુચવવામાં આવ્યું કે, ગૌમાતાએ પૃથ્વી ઉપરનું હાલતું ચાલતું તીર્થસ્થાન છે. ગાય દુઃખી તો સમગ્ર સમાજ અને રાષ્ટ્ર દુઃખી.

મહોત્સવની પૃષ્ઠભૂમિકા બાંધતા ગાય આધારિત ખેતી અભિયાન એવમ્ તપોવનધામના સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી જે કહ્યું હતું કે, ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોને હૂંફ અને હિંમત મળે, પરિવારોના આરોગ્ય નિરામય બને, ગોયાગથી પર્યાવરણ શુદ્ધ અને શુભ બને તથા ગોપ્રેમીઓ શ્રદ્ધાભાવ સાથે કૃતિશીલ ગોભક્તિ કરતા થાય એવા ઉદાત ઉદ્દેશ્ય સાથે આ "ગો મહિમા મહોત્સવ એવમ્ ગૌ યાગ" આયોજિત કરવામાં આવેલ છે.

મહોત્સવની વિશેષતામાં ત્રણેય દિવસ નવ-નવ કલાક ચાલતા ગોયાગના પવિત્ર ધુમ્રથી શુભ અને શુદ્ધ વાતાવરણ નિર્માણ પામતું હતું. ગોવ્રતી ભોજન, કેમિકલમુક્ત અનાજ, શાકભાજી અને ફળોનો જ ઉપયોગ, ઋતુરક્ષા હેતુ પધારેલ સૌ ગૌભક્તોને શેરડીનો રસ અને ગાયના દૂધથી બનેલી લસ્સીની લિજ્જત, વંદનીય સંતોના કંઠે ગોગાન, વિદ્વાન



વક્તાશ્રીઓ દ્વારા આચરણતુલ્ય પાથેય અને સવિશેષ મહોત્સવના મંચ પર જ જીવંત ગોશાળાનું નિર્માણ કે જ્યાં નંદી, ગાય અને વાછરડા સમેત સંપૂર્ણ ગોવંશ દર્શન આપી રહ્યું હતું.

મહોત્સવની સફળતામાં પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, તપોવન ગૌશાળા પ્રમુખ ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી શ્યામચરણદાસજી આદિ સંતો, સાંખ્યયોગી માતાઓ, તપોવન ગુરુકલ ટ્રસ્ટી મંડળ, તપોવન ગૌશાળા સંચાલન સમિતિ અને ગાય ખેતી અભિયાનની મુખ્ય સમિતિના સર્વે સદસ્યો આદિ ગોભક્તોનો સિંહ ફાળો રહ્યો હતો. રામપર, વેકરા અને વાડાસરના હરિભક્તોએ રસોડા, પાર્કિંગ આદિ વિભાગોમાં સુંદર સેવા આપી હતી. મહોત્સવમાં સહયોગી તમામ દાતાશ્રીઓ પ્રતિ પુનઃ પુનઃ ધન્યાવાદ...

અહેવાલ - તપોવનધામ નિયામક, નયન ચાવડા

## શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર

શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા તા.૧૩/૧/૨૦૨૪ના રોજ મંદિરના ડાઈનિંગ હોલ ખાતે યોજાઈ. મીટિંગ મંદિર દ્વારા દર્શાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવી હતી અને વિવિધ એજન્ડા વસ્તુઓને સંબોધવામાં સફળ રહી હતી. મીટિંગ દરમિયાન સમિતિના સભ્યોની ચૂંટણી વર્ષ ૨૦૨૪ માટે સમિતિમાં સેવા આપવા માટે નીચેની વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે.

કાન્તીભાઈ નારાણ કેરાઈ-અધ્યક્ષ, ધનજીભાઈ લક્ષ્મણ રાઘવાણી-ઉપાધ્યક્ષ, ભીખાભાઈ વેલજી ગોરસીયા-મંત્રી, રાજેન્દ્રભાઈ વાલજી લાધાણી-સહમંત્રી, જયલેશભાઈ હિરજી વરસાણી-સબ સહાયક મંત્રી, દિનેશભાઈ ધનજી વરસાણી-ખજાનચી, નિમિષભાઈ પિંડોરીયા-સહ ખજાનચી, રાજેશભાઈ રામજી રાઘવાણી-સબ સહાયક ખજાનચી, વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા-કોઠારી, કાંતિભાઈ માવજી રાબડીયા-સહ કોઠારી, નાનજીભાઈ જાદવા જેશાણી- સબ સહાયક કોઠોરી, સાગરભાઈ દબાસીયા-ઈન્ટરનલ ઓડિટર, મનસુખભાઈ કલ્યાણ કેરાઈ-સભ્ય, કુરજીભાઈ જાદવા છભાડીયા-સભ્ય, ખીમજીભાઈ શિવજી ભુડિયા-સભ્ય, પરબતભાઈ ભીમજી હિરાણી-સભ્ય, હરેશભાઈ વ્રજલાલ સોની-સભ્ય, શિવજીભાઈ સામજી વેકરીયા-સભ્ય, ખીમજીભાઈ પરબત રાજાણી-સભ્ય, ધવલભાઈ સોની-સભ્ય, નારાણભાઈ લક્ષ્મણ કેરાઈ-સભ્ય, ગોવિંદભાઈ નારાણ રાઘવાણી-સભ્ય, પ્રવિણભાઈ રામજી વરસાણી-સભ્ય, જયંતભાઈ વાલજી રાઘવાણી-સભ્ય, રમેશભાઈ જેઠાલાલ વરસાણી-સભ્ય, હીરજીભાઈ વેલજી આશાણી-સભ્ય, જયકિશનભાઈ પીઠડિયા-સભ્ય, રમેશભાઈ કાનજી રાઘવાણી-સભ્ય, રામજીભાઈ દેવજી વરસાણી-ટ્રસ્ટી, મનજીભાઈ કાનજી રાઘવાણી-ટ્રસ્ટી, નારાણભાઈ મનજી કેરાઈ-ટ્રસ્ટી, પરબતભાઈ પ્રેમજી રાજાણી-ટ્રસ્ટી, વિરજીભાઈ મેઘજી પિંડોરીયા-ટ્રસ્ટી.

અહેવાલ - મંત્રીશ્રી ભીખાલાલ ગોરસીયા

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ ઓકલેન્ડ-ન્યુઝિલેન્ડ

તા. ૨૮-૦૨-૨૦૨૪ થી ૧૫-૦૩-૨૦૨૪ દરમિયાન નિયૂઝિલેન્ડમાં ભુજથી સંતો પધારેલા હતા. ભુજ મંદિરના સંતોના સાનિધ્યમાં શાક ઉત્સવ, રાસ ઉત્સવ, મહાપૂજા, શિવરાત્રી, વંદુના પદોની ૨૦૦ પારાયણ, એક





દિવસની શિબિર આદિ આયોજનો ધૂમધામથી ઉજવેલ હતા. સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી શંતિસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજી અને સ્વામી વ્રજવિહારી દાસજી ઉપસ્થિત રહ્યા હતા. તા. ૩-૦૩-૨૦૨૪ થી તા. ૭-૦૩-૨૦૨૪ પરચા પ્રકરણની પારાયણનું આયોજન રાખેલું હતું એમાં વકતા શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજીએ કથા નો લાભ આપ્યો હતો. તા. ૯-૦૩-૨૦૨૪ ના બે ઉત્સવો એક દિવસમાં ઉજવેલ હતા, તેમાં વંદુના પદોને ૨૦૦ વરસ થયા એ તથા શિવરાત્રીનો ઉત્સવ ઉજવ્યો હતો. આ દરમ્યાન ૧૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધેલ હતો. તા. ૧૦-૦૩-૨૦૨૪ ના ઓહીનેવાઈ ગામમાં એક દિવસની શિબિર રાખેલ હતી. જેમાં દાસત્વપણું વિષે પાવરપોઈન્ટ અને ચર્ચાઓ કરી હતી ત્યાર બાદ સંતોની હાજરીમાં રમત ગમતનું આયોજન રાખેલ હતું. શિબિરમાં ૮૦ ભાઈયો બેહનો અને બાળકોએ લાભ લીધો હતો. ભુજ મંદિરના સંતોના આગમનથી ન્યૂઝીલેન્ડના હરિભક્તોને ખૂબજ સત્સંગનું બળ મળ્યું હતું. અ. સંજયભાઈ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજી ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૧૦૦૦-રતનબાઈ દેવજી શીયાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૦૦- અન્વી ભાવેશ પરબત વોરા જન્મ દિવસ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૫૧- માનબાઈ રામજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હ.રામજી વાલજી જેશાણી - બળદિયા

૨૦૦- વિશાલ અરવિંદ હાલાઈના ઘેર તા.૫-૨-૨૪ના પુત્રનો જન્મ થયેલ તે નિમિતે - દહીંસરા

૫૦૧- રમેશભાઈ વાલજી ખેતાણીના ઘેર તા.૮-૩-૨૦૨૪ના રોજ પુત્રનો જન્મ થયેલ તે નિમિત્તે

૩૦૦- ઈશ્વર નારાણ ગોરસીયા તા.૪-૪-૨૪ના પૂરા થતાં ૧૨ માં જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે

૨૫૧- અ.નિ.જયેશ લાલજી પ્રેમજી વરસાણી હ-શાંતાબેન, શ્રીનરનારાયણદેવ જયંતી-ફૂલડોલ ઉત્સવ નિમિત્તે

---

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫

''શ્રીસ્વામિનારીયણ ધર્મસંદેશ'' માસિક અંગેની માહિતી

ફોર્મ નં.-૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| પ્રકાશનનું સ્થળ | શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય, ભુજ |
| પ્રકાશનની સામયિકતા | માસિક |
| મુદ્રકનું નામ | મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રિયતા | ભારતીય |
| સરનામું | શ્રીસ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન-૩૭૦૦૦૧ |
| તંત્રીનું નામ | શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |

જે વ્યક્તિઓ અખબારના માલિક હોય શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની માલિકી.

જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય તેમના નામ-સરનામા.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુબજ સાચી છે.

તા.૧-૩-૨૦૨૪ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (તંત્રી)

|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ



એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું



આયોજન

પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે

કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪

કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે

નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

:: મુખ્ય યજમાનશ્રી ::

અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી મુકુંદપ્રસાદદાસજીની પુણ્ય સ્મૃતિમાં

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020

## ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર



**મહોત્સવ પ્રારંભ : તા. ૯-૪-૨૦૨૪, મંગળવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠા : તા. ૧૪-૪-૨૦૨૪, રવિવાર**

**મહોત્સવ સમાપન : તા. ૧૫-૪-૨૦૨૪, સોમવાર**